# સ્ટેન્ડિંગ કમિટીમાં વિભાગો વચ્ચેના અસંકલન મુદ્દે ચેરમેને ઉધડો લીધો, ૧૯ દરખાસ્તો મંજૂર

## રસ્તા ખોદકામ અને સફાઈમાં લોલંલોલ સામે સભ્યોનો આક્રોશ; યુટિલિટી પોલિસી માટે કન્સલ્ટન્ટ નિમવા નિર્ણય અને મૌખિક વ્યવહારો બંધ કરવા કડક આદેશ

ભાવનગર,તા.૧૩

ભાવનગર મહાપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક ચેરમેન કિશન મહેતાના અધ્યક્ષ સ્થાને મળી હતી. આ બેઠકમાં ગુજરાત હાઈકોર્ટમાં મનપાના કેસો માટે એડવોકેટની નિમણૂક કરવાથી લઈને શહેરના વિકાસ અને ટ્રાફિક આયોજનને લગતી કુલ ૧૯ વિવિધ દરખાસ્તોને બહાલી આપવામાં આવી હતી. પરંતુ બેઠકના સમગ્ર દોર દરમિયાન મનપાના આંતરિક વિભાગો વચ્ચેના સંકલનનો અભાવ, વિકાસકામોમાં થતો વિલંબ અને શહેરમાં ખોરવાયેલી સફાઈ વ્યવસ્થા મુદ્દે સભ્યોએ શાસક અને વહીવટી તંત્ર સામે ભારે રોષ ઠાલવ્યો હતો.

દક્ષિણ સરદાનગર અધેવાડા વોર્ડના મીરા પાર્કમાં બાકી રહેલા બ્લોક બેસાડવા અને આરસીસી રોડ બનાવવાનું કામ જાન્યુઆરીમાં મંજૂર કરી ફેબ્રુઆરીમાં વર્ક ઓર્ડર અપાયો હતો, જેની સમયમર્યાદા જૂન મહિનામાં પૂર્ણ થઈ ગઈ હતી. સ્થાનિકોની રજૂઆત બાદ રોડ વિભાગે ડ્રેનેજ વિભાગને લાઈન અપગ્રેડ કરવા માત્ર 'મૌખિક' જાણ કરી હતી. ડ્રેનેજે પૂર્વ-મંજૂરી આપી હોવા છતાં કામ વિલંબિત થતાં આખરે રોડનું કામ ૩ મહિના લંબાયું હતું. આજે કમિટીએ આ મુદત વધારી આપી હતી, પરંતુ ચેરમેન કિશન મહેતા અને કમિશનરે મૌખિક સૂચનાઓ અયોગ્ય ગણાવી આદેશ કર્યો કે હવેથી લેખિત ઉ્રઝ વગર કોઈ કામ શરૂ નહીં થાય અને મૌખિક વ્યવહારના આધારે મુદત વધારવામાં નહી આવે.

### ટ્રાફિક નિવારણ અને નવા સર્કલની રી-ડિઝાઈન મંજૂર

**શહેરમાં ટ્રાફિક સમસ્યા હળવી કરવા દિલબહાર ટાંકી, તરસમીયા મઢ ચોક, બાલાહનુમાન ચોક, લીલા સર્કલ અને ટોપ થ્રી સર્કલ ખાતે ટ્રાફિક તેમજ ટોપોગ્રાફી સર્વે કરીને નવા સર્કલ બનાવવા અને રી-ડિઝાઈન કરવા માટે કન્સલ્ટન્ટની નિમણૂક કરવાની દરખાસ્તને પણ કમિટીએ આખરી મંજૂરી આપી હતી.**

શહેરમાં અંડરગ્રાઉન્ડ વીજળી અને ગેસ લાઈનોના કારણે વારંવાર રસ્તા ખોદાતા અટકાવવા સ્માર્ટ યુટિલિટી પોલિસી અને જીૅ તૈયાર કરવા કન્સલ્ટન્ટ નિમવાનો નિર્ણય લેવાયો હતો. જોકે, સભ્યોએ ચિત્રા ટીપી-૨૪માં ડ્રેનેજ લાઈન નાખ્યા બાદ રોડ રદ થવા અને લીલા સર્કલથી ટોપ થ્રી રોડ પર વર્ષોથી પડતર પાઈપોનો હવાલો આપી કન્સલ્ટન્ટ્સના વજૂદ સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા. આ ઉપરાંત, શહેરમાં અમુક વોર્ડમાં ૧૫-૧૫ દિવસે સફાઈ થતી હોવાની બાબતે સભ્યોએ તીવ્ર નારાજગી વ્યક્ત કરી હતી.

# જૈનાચાર્ય નમ્રમુનિ મહારાજ અને મોરારિબાપુ વચ્ચે મુંબઈ ખાતે યોજાયેલ ભાવસભર મુલાકાત



ધર્મ, અધ્યાત્મ અને સનાતન સંસ્કૃતિના બે અગ્રણી મહાનુભાવો વચ્ચે મુંબઈ ખાતે એક અત્યંત પ્રેરણાદાયી અને મંગલમય મુલાકાત યોજાઈ હતી. પૂ. જૈન આચાર્ય ભગવંત નમ્રમુનિ મહારાજ સાહેબના મુંબઈ સ્થિત સ્થાને પ્રખ્યાત રામકથાકાર પૂ.મોરારિબાપુએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ આત્મીય મિલનથી જૈન અને સનાતન પરંપરા વચ્ચેના ધાર્મિક સૌહાર્દ અને સદ્ભાવનાનો એક અદ્ભુત સંદેશ પ્રસરી ગયો છે.આ મુલાકાત દરમિયાન બંને મહાનુભાવો વચ્ચે અત્યંત સ્નેહપૂર્ણ અને ગંભીર વાતાવરણમાં પ્રાસંગિક ચર્ચા-વિચારણા તથા આધ્યાત્મિક સંવાદ થયો હતો. આ મુલાકાત વેળાએ ઉપસ્થિત શ્રદ્ધાળુઓ અને ભક્તોએ પણ બે સમર્થ સંતોના એકસાથે દર્શન કરી ધન્યતા અને અલૌકિક આનંદની અનુભૂતિ કરી હતી.

# ભાવનગરમાં રૂપિયા ૧૧.૫૨ કરોડના શંકાસ્પદ વ્યવહારો સાથે સાયબર ફ્રોડનો પર્દાફાશ

ભાવનગર,તા.૧૩

શહેરના વાઘાવાડી રોડ પર આવેલી ડીસીબી બેંકના એક ખાતાધારક દ્વારા કરોડો રૂપિયાના સાયબર ફ્રોડની રકમ સગેવગે કરવાનો સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે. ભાવનગર સાયબર ક્રાઈમ પોલીસે આડોડિયાવાસ (તિલકનગર) ખાતે રહેતા સિદ્ધાંત સંજયભાઈ રાઠોડ નામના શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સાયબર ક્રાઈમ પોર્ટલની ચકાસણી દરમિયાન માલૂમ પડ્યું હતું કે, સિદ્ધાંત રાઠોડના બેંક એકાઉન્ટમાં ૧ ડિસેમ્બર ૨૦૨૪થી ૪ માર્ચ ૨૦૨૬ દરમિયાન કુલ રૂ.૧૧,૫૨,૭૨,૧૯૬ જમા થયા હતા. જેમાંથી રૂ.૧૧,૪૩,૬૭,૬૨૮ ઉપાડી લેવામાં આવ્યા હતા. વધુ તપાસમાં સામે આવ્યું કે દેશના અલગ-અલગ રાજ્યોમાં થયેલા સાયબર ફ્રોડની ૪ ફરિયાદોના રૂ.૩,૩૬,૭૫૦ પણ આ ખાતામાં મેળવાયા હતા.

સાયબર ગુનાહિત પ્રવૃત્તિઓ માટે 'મ્યુલ બેંક એકાઉન્ટ' તરીકે ખાતાનો ઉપયોગ કરી રકમ સગેવગે કરવા બદલ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ શૈલેષ પ્રવિણભાઈ મકવાણાની ફરિયાદના આધારે પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

**આડોડિયાવાસના યુવકના બેંક ખાતામાંથી રૂ. ૧૧.૪૩ કરોડ ઉપાડી લેવાયા; અલગ-અલગ રાજ્યોના સાયબર ક્રાઈમની રકમ સગેવગે કરવાનો આરોપ**

# ઈન્કમ ટેક્સ કર્મચારી પાસે ૩૫% સુધી વ્યાજ વસૂલી ધમકી આપનાર ૩ વ્યાજખોરોની ધરપકડ




ભાવનગર,તા.૧૩

શહેરના સુભાષનગરમાં રહેતા અને ઈન્કમ ટેક્સ ઓફિસમાં નોટિસ સર્વર તરીકે ફરજ બજાવતા પરજન્ય ઉમેશભાઈ ઓઝા પાસે મકાન રિનોવેશન અને લોનના હપ્તા માટે લીધેલી રકમ સામે ૨૦% થી ૩૫% જેટલું ઊંચું વ્યાજ વસૂલી પઠાણી ઉઘરાણી કરવા બદલ ઘોઘારોડ પોલીસે ત્રણ વ્યાજખોરોની ધરપકડ કરી છે.

પીડિતે રાજદેવસિંહ વાળા, ભૌતિક મેર અને રવિ પરમાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓએ મૂળ રકમ સામે લાખો રૂપિયા વસૂલી લીધા હોવા છતાં છરી બતાવી મકાનનો કબજો પળાવી લેવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસે ગુજરાત નાણાં ધીરધાર અધિનિયમ અને મ્હ્રજી એક્ટ હેઠળ ગુનો નોંધી ત્રણેય વ્યાજખોરોને જેલભેગા કર્યા છે.

# લર્નિંગ લાયસન્સ સંબંધિત સેવાઓ હવે ફેસલેસ અને નોન-ફેસલેસ પદ્ધતિથી ઉપલબ્ધ

## સરનામું, નામ, ફોટો-સહીમાં ફેરફાર સહિતની વિવિધ સેવાઓ ઓનલાઈન મેળવી શકાશે

ભાવનગર,તા.૧૩

ભાવનગર પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરી ગુજરાત રાજ્ય દ્વારા લર્નિંગ લાયસન્સને લગતી વિવિધ સેવાઓ ફેસલેસ અથવા નોન-ફેસલેસ પદ્ધતિથી મેળવી શકાશે.

આ અંતર્ગત લર્નિંગ લાયસન્સમાં સરનામામાં ફેરફાર , લર્નિંગ લાયસન્સમાં નામમાં ફેરફાર , લર્નિંગ લાયસન્સમાં ફોટો અને સહીમાં ફેરફાર , ડુપ્લિકેટ લર્નિંગ લાયસન્સ મેળવવું તથા લર્નિંગ લાયસન્સ એક્સ્ટ્રેક્ટ જેવી સેવાઓ ઉપલબ્ધ છે.

આ સેવાઓ માટે અરજદારે આધાર ઓથેન્ટિકેશન અથવા મોબાઈલ ઓથેન્ટિકેશનનો ઉપયોગ કરવાનો રહેશે. આધાર આધારિત ફેસલેસ અરજીઓમાં દસ્તાવેજ ચકાસણી ઓનલાઈન થશે, જ્યારે નોન-ફેસલેસ અરજીઓમાં આર.ટી.ઓ. કચેરીએ ઉપસ્થિત રહી દસ્તાવેજોની ચકાસણી કરાવવાની રહેશે.

આ સેવાઓ માટે ફી રૂ. ૨૦૦/- તથા એક્સ્ટ્રેક્ટ માટે રૂ. ૨૫/- લાગુ પડશે. વધુ માહિતી માટે નજીકની આર.ટી.ઓ. કચેરીનો સંપર્ક કરવા જણાવાયું છે.

# શ્રધ્ધા સાથે ઉત્સાહનો સમન્વય :ધાવડી માતાજીના સાનિધ્યમાં યોજાયો પરંપરાગત 'ખીર હવન'નો ઉત્સવ





ભંડારિયામાં મેલકડીના ડુંગરમાં ધાવડી માતાજીના ઐતિહાસિક મંદિરે દિવાસાના પર્વે પરંપરા અનુસાર વિશિષ્ઠ એવો 'ખીરનો હવન' યોજાયો હતો. જેમાં માતાજીને ખીરનો ભોગ ધરાવી સૌ ગ્રામજનોએ મંદિરના પરિસરમાં ખીરનો પ્રસાદ લીધો હતો. વહેલી સવારથી તપેલા મોઢે ખીરનો પ્રસાદ બનાવવાનું શરૂ કરાયું હતું અને બપોર સુધી ક્રમશ ખીર બનતી ગઈ અને ભાવિકો પ્રસાદ ગ્રહણ કરતા ગયા હતા. તાજી અને ગરમાં ગરમ ખીર થાળી મોઢે જમવાની પ્રથા પણ રોમાંચક છે. મોટી સંખ્યામાં ભાવનગરથી પણ ભાવિકો, યાત્રિકો અને પ્રવાસીઓ સામેલ થયા હતા. જ્યારે ભંડારિયા તેમજ આજુબાજુના ગ્રામજનોએ શ્રધ્ધાપૂર્વક માતાજીને માથું ટેકવી ખીરનો પ્રસાદ લીધો હતો, અહીં સમૂહમાં ખીરનો પ્રસાદ જમવા સાથે ઘરે લઈ જવાની પ્રથા છે તે મુજબ ઘરે ઘરે ખીર પહોંચી હતી. ગ્રામજનો ખૂબ જ શ્રધ્ધાભેર ખીરનો પ્રસાદ દૂર દૂર રહેતા પરિવારજનો અને સબંધીઓ સુધી પહોંચાડે છે. લગભગ ૧૩ દાયકા કરતા પણ વધુ જૂની આ પરંપરા ગ્રામજનોએ ભારે શ્રદ્ધા અને ઉત્સાહભેર જાળવી રાખી છે જે ભાવ ભક્તિ સાથે એકતાનો પરિચય આપે છે.!

# ભાવનગરમાં 'સઘન સચિત્ર માહિતી અને શિક્ષણ અભિયાન: એચઆઈવી-એઈડ્સ અંગે માર્ગદર્શન

ભાવનગર,તા.૧૩

રાષ્ટ્રીય એઈડ્સ અને જાતીય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. કે. એમ. સોલંકી તથા તબીબી આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ સરકારી શુશ્રૂષા મહાવિદ્યાલય (નર્સિંગ કોલેજ)ના સભાખંડ ખાતે 'સઘન સચિત્ર માહિતી અને શિક્ષણ અભિયાન-૨૦૨૬'નો શુભારંભ કરાયો હતો.

કાર્યક્રમ દરમિયાન મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. કે. એમ. સોલંકીએ યુવાનોને એચઆઈવી/એઈડ્સ અંગે સચોટ માહિતી આપી જાગૃતિનો પ્રસાર કરવા અને આ સંદેશ પરિવાર તથા સમાજના અન્ય લોકો સુધી પહોંચાડવા અપીલ કરી હતી. જિલ્લા ક્ષય અને એચઆઈવી અધિકારી ડો. પી. વી. રેવરે સમાજમાંથી ગેરમાન્યતાઓ, કલંક અને ભેદભાવ દૂર કરવા સૌના સહિયારા પ્રયાસો પર ભાર મૂક્યો હતો.

આ પ્રસંગે જાગૃતિ લક્ષી પત્રિકાઓનું વિતરણ કરાયું હતું. ઉપરાંત 'બ્રેકફ્રી ઈન્ડિયા' ડિજિટલ મંચ મારફતે સ્વ-જોખમ આંકલન માટે ક્યુઆર કોડ સ્કેન કરવાની પ્રક્રિયા અંગે વિશેષ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ આયોજનમાં સર ટી. હોસ્પિટલના અધિક્ષક ડો. કૈરવી દેસાઈ, મુખ્ય તબીબી આરોગ્ય અધિકારી ડો. મુકેશ પટેલ, નર્સિંગ કોલેજના આચાર્ય અનિલ માંડલીયા, તબીબી અધિકારી ડો. ભાવેશ વળીયા, જિલ્લા ગુણવત્તા આશ્વાસન તબીબી અધિકારી ડો. મનસ્વીની માલવીયા, પિયુષ માલવીયા તેમજ વિવિધ આરોગ્ય શાખાઓ અને સંસ્થાઓનો સ્ટાફ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો.

**નર્સિંગ કોલેજ ખાતે યુવાનોને માર્ગદર્શન, પત્રિકા વિતરણ અને ક્યુઆર કોડ મારફતે સ્વ-જોખમ આંકલન પ્રક્રિયા સમજાવવામાં આવી**

# સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ સિહોર અને પાલીતાણામાં યોજાઈ ભવ્ય તિરંગા યાત્રા







**'ભારત માતા કી જય'ના જયઘોષથી ગુંજી ઉઠ્યા માર્ગો; નેતાઓ, અધિકારીઓ અને વિદ્યાર્થીઓ સહિત વિશાળ જનમેદની ઉત્સાહભેર જોડાઈ**

ભાવનગર,તા.૧૩

સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી પૂર્વે રાષ્ટ્રીય એકતા અને દેશભક્તિની ભાવનાને વધુ પ્રબળ બનાવવાના ઉદ્દેશથી ભાવનગર જિલ્લાના સિહોર અને પાલીતાણા ખાતે ભવ્ય અને રંગદર્શી તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. હાથમાં રાષ્ટ્રધ્વજ અને હૈયામાં રાષ્ટ્રપ્રેમ સાથે મોટી સંખ્યામાં નગરજનો જોડાતા સમગ્ર વાતાવરણ દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું.

સિહોર નગરમાં યોજાયેલી તિરંગા યાત્રામાં વિદ્યાર્થીઓ, અગ્રણીઓ અને અધિકારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. નગરના મુખ્ય માર્ગો પરથી નીકળેલી આ યાત્રાએ રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનો સુંદર સંદેશ આપ્યો હતો.

બીજી તરફ, પાલીતાણા ખાતે 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત ભવ્ય યાત્રાનું આયોજન કરાયું હતું. જકાતનાકા બાપા સીતારામ ચોકથી પ્રસ્થાન થયેલી આ યાત્રા એસ.ટી. બસ સ્ટેન્ડ રોડ, ડૉ. આંબેડકર સર્કલ, ભૈરવનાથ સર્કલ, મુખ્ય બજાર, દાણાપીઠ અને શેત્રુંજી ગેટ થઈને ભીડભંજન મહાદેવ ખાતે સંપન્ન થઈ હતી. બાળકોથી લઈને વડીલો સુધીના તમામ વયના લોકોએ 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ'ના નારા લગાવી વાતાવરણ ગુંજવી મૂક્યું હતું.આ પ્રસંગે ભાવનગર જિલ્લા ભાજપ અધ્યક્ષ દિગ્વિજયસિંહ ગોહિલ, ધારાસભ્ય ભીખાભાઈ બારૈયા, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહજી સરવૈયા, મહામંત્રી ગોપાલભાઈ વાઘેલા, ગેમાભાઈ ડાંગર, મામલતદાર અર્જુનસિંહ ડોડીયા સહિત પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો હાજર રહ્યા હતા.

## સાર્વજનિક પુસ્તકાલયમાં અભ્યાસ અને વાંચન સાથે રાષ્ટ્રભાવનાનો રંગ :તિરંગાનું વિતરણ




'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત સંજીવની એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત સાર્વજનિક પુસ્તકાલય, ભાવનગર ખાતે પુસ્તકાલયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તથા ઉપસ્થિત વાચકોને તિરંગાનું વિતરણ કરવામાં આવ્યું હતું. તિરંગો પ્રાપ્ત કરી વિદ્યાર્થીઓ અને વાચકોએ રાષ્ટ્રધ્વજ પ્રત્યે ગૌરવ અને સન્માનની લાગણી વ્યક્ત કરી હતી.પુસ્તકાલયમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને વાચકોને રાષ્ટ્રધ્વજનું ગૌરવ અને મહત્વ, રાષ્ટ્રીય એકતા તથા દેશભક્તિ અંગેની ભાવનાથી અવગત કરવામાં આવ્યા હતા. તિરંગો હાથમાં લઈ વિદ્યાર્થીઓ અને વાચકોમાં પણ રાષ્ટ્રપ્રેમ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

# પાલીતાણા યુવાનની હત્યા મામલે આરોપી પિતા અને ચાર પુત્રો ઝડપાયા

## લોકલ ક્રાઈમ બ્રાન્ચે આરોપીઓને ઝડપી પાલીતાણા ટાઉન પોલીસને સોંપ્યા



ભાવનગર,તા.૧૩

પાલીતાણા શહેરના ભીલવાસ વિસ્તારમાં બનેલા સનસનાટીભર્યા હત્યાના બનાવનો ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની ટીમે ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસે ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી હત્યાના ગુનામાં સંડોવાયેલા એક જ પરિવારના પિતા અને તેમના ચાર પુત્રો સહિત કુલ પાંચ આરોપીઓને ઝડપી લીધા છે.

બનાવની વિગત અનુસાર, ભીલવાસ વિસ્તારમાં બનેલી આ ગંભીર ઘટના બાદ LCB પોલીસ ઈન્સ્પેક્ટર મયુરધ્વજસિંહ સરવૈયાની સૂચના અને પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર.એ. વાઢેર, વી.સી. જાડેજા તથા પી.ડી. ઝાલાના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ તપાસમાં હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે હત્યાના આરોપીઓ પાલીતાણાના સોનપરી ગામથી આગળ આવેલી વિરાયતન સ્કૂલ પાસે વડલી રોડ પર હાજર છે. બાતમીવાળી જગ્યાએથી પોલીસે પાંચેય આરોપીઓને ઝડપી પાડી પાલીતાણા ટાઉન પોલીસ સ્ટેશનને સોંપી આપ્યા હતા.ઝડપાયેલા આરોપીઓમાં લખુભાઈ રામજીભાઈ પરમાર (ઉ.વ. ૫૩), કાળુભાઈ લખુભાઈ પરમાર (ઉ.વ. ૩૦), ડાયાભાઈ લખુભાઈ પરમાર (ઉ.વ. ૨૫), રાજેશભાઈ ઉર્ફે રાજુ લખુભાઈ પરમાર (ઉ.વ. ૨૨) અને રોહિતભાઈ લખુભાઈ પરમાર (ઉ.વ. ૨૦) (તમામ રહે. ભીલવાસ, પાલીતાણા)નો સમાવેશ થાય છે. આ મામલે પાલીતાણા ટાઉન પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૧૦૩(૧), ૧૦૯(૧), ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૩), ૩૩૨, ૩૫૧(૩), ૩૫૨ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે અને LCB ટીમે સત્વરે કાર્યવાહી કરી તમામ આરોપીઓને જેલભેગા કર્યા છે.

# તળાજાના સરતાનપર ગામે કારમાં વિદેશી દારૂની હેરા-ફેરી ઝડપાઈ

## સુરત અને નવસારીના એક મહિલા સહીત ત્રણ શખ્સોની ૧૧૪૮ બોટલો અને કાર સાથે ધરપકડ

ભાવનગર,તા.૧૩

ભાવનગર જિલ્લાના તળાજા પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ નાઈટ રાઉન્ડ પેટ્રોલીંગમાં હતા ત્યારે સરતાનપર ગામે બાતમી મળી હતી.કે ખંઢેરા તરફથી રાતાખડા રોડ પર એક સફેદ રંગની મહીન્દ્રા મરાઝો કાર નં. GJ 01 HY 0275 માં વિદેશી દારૂનો જથ્થો જઈ રહ્યો હોવાની બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખી વોચ ગોઠવી હતી

પોલીસે ગોઠવેલી વોચ દરમિયાન બાતમી વાળી કાર નીકળતા કારને રોકીને તલાશી લીધી હતી.કારની અંદર તપાસ કરતા પાછળની સીટમાં રાખેલી થેલીઓમાંથી જુદી-જુદી બ્રાન્ડની વિદેશી દારૂની સીલપેક બોટલો મળી આવી હતી. પોલીસે સ્ટર્લિંગ રિઝર્વ, રોયલ ચેલેન્જ અને આઈકોનિક વ્હાઈટ વિસ્કીની કુલ ૧,૧૪૮ બોટલો (કિંમત રૂ. ૧,૮૪,૬૦૦) જપ્ત કરી હતી. આ ઉપરાંત દારૂ વહન કરવા માટે ઉપયોગમાં લેવાયેલી રૂ.૩ લાખની કાર અને રૂ. ૫,૦૦૦ ની કિંમતનો મોબાઈલ ફોન મળી કુલ રૂ ૪,૮૯,૬૦૦ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. કારમાંથી ઝડપાયેલા ત્રણેય આરોપીઓ જયભાઈ ભાણજીભાઈ બારૈયા (રહે. સુરત), હર્ષદભાઈ ખંડુભાઈ સોલંકી (રહે. નવસારી) અને મીનાક્ષીબેન જયભાઈ બારૈયા (રહે. સુરત) પાસે દારૂના વેચાણ કે હેરાફેરી માટેનો કોઈ પાસ-પરમિટ નહોતો. પોલીસે ત્રણેય વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટની કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૯૮(૨) અને ૮૧ મુજબ ગુનો નોંધીને કાયદેસરની અટકાયત કરી આગળની તપાસ હાથ ધરી છે.

# તળાજામાં પોલીસ કેસની દાઝ રાખીને પરિણીતા ઉપર હુમલો

## દિયર, સાસુ અને દેરાણી સામે પોલીસ ફરિયાદ નોંધાવાઈ

ભાવનગર,તા.૧૩

ભાવનગર જિલ્લાના તળાજા ખાતે આવેલા દિનદયાળ નગર (ખારા) વિસ્તારમાં એક પારિવારિક ઝઘડાનો ગંભીર મામલો સામે આવ્યો છે. અહીં રહેતા સમિમબેન અમિરભાઈ પઠાણ (ઉ.વ.૩૦) નામના પરિણીતા પર તેમના જ પરિવારજનોએ રાત્રિના સુમારે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા પરણિતાએ દિયર, દેરાણી તેમજ સાસુ સામે ફરિયાદ નોંધાવતા તળાજા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પરણિતાની ફરિયાદ મુજબ, ગત રાત્રે આશરે દશેક વાગ્યે સમિમબેન પોતાના ઘરે હતા તે દરમિયાન તેમના દિયર આસિફ ઉર્ફે ડેની, સાસુ સુભાનબેન અને દેરાણી અફસાનાબેન ત્યાં આવ્યા હતા. આરોપીઓએ "તું પોલીસ પાસે દારૂ પકડાવી દે છે" તેવું કહીને બોલાચાલી કરી હતી અને ગાળો આપી હતી. ત્યારબાદ ત્રણેય જણાએ મળીને સમિમબેનને ઢીકા-પાટુ અને ધોલ-થપાટનો માર માર્યો હતો.દરમિયાન પરિણીતાની રાડો સાંભળીને આજુબાજુના પડોસીઓ તાત્કાલિક દોડી આવ્યા હતા, જેથી તેમનો બચાવ થયો હતો. આ દરમિયાન દિયર આસિફે રૂપિયા ગમે તેમ વાપરીને પણ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અગાઉ આસિફનો દારૂ પોલીસ દ્વારા પકડાયો હોવાથી તે જ દાઝ રાખીને આ હુમલો કરવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું છે. આ સમગ્ર બનાવ અંગે ભોગ બનનાર સમિમબેનની ફરિયાદના આધારે તળાજા પોલીસે બી.એન.એસની કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩) અને ૫૪ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# ભાવનગર જિલ્લામાં પશુપાલન ક્ષેત્રે ધોરણ-૧૦ પાસ યુવાનો માટે સ્વરોજગારીની નવી તક

ભાવનગર,તા.૧૨

ભાવનગર જિલ્લામાં પશુપાલકોને પશુપાલન ક્ષેત્રની પ્રાથમિક સેવાઓ સ્થાનિક સ્તરે સરળતાથી ઉપલબ્ધ થાય તેમજ ધોરણ-૧૦ પાસ બેરોજગાર યુવાનોને સ્વરોજગારીની નવી તક મળી રહે તે હેતુથી નિયત ગામોમાં ૧૦ મૈત્રી કેન્દ્રોની સ્થાપના કરવામાં આવનાર છે.

સ્વરોજગારીના ધોરણે શરૂ થનારા આ મૈત્રી કેન્દ્રો માટે ધોરણ-૧૦ પાસ અને પશુપાલન ક્ષેત્રે રસ ધરાવતા બેરોજગાર યુવાનો પાસેથી તા. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ સુધીમાં સંબંધિત તાલુકાના પશુ દવાખાના ખાતે લેખિત અરજીઓ મંગાવવામાં આવી છે. આ મૈત્રી કેન્દ્રો સ્વરોજગારીના ધોરણે સંચાલિત થવાના હોવાથી તેમાં કોઈ પગાર કે વેતન મળવાપાત્ર રહેશે નહીં.

મૈત્રી કેન્દ્રો માટે નિયત કરાયેલા ગામોની યાદી, અરજીપત્રક તેમજ જરૂરી અન્ય વિગતો મેળવવા ઈચ્છુક ઉમેદવારોએ સંબંધિત તાલુકાના પશુ દવાખાનાનો સંપર્ક કરવા નાયબ પશુપાલન નિયામક, જિલ્લા પંચાયત, ભાવનગર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# લંગાળા ગામે સ્મશાન નજીકના બંધ મકાનમાંથી ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપાયો, આરોપી ફરાર

## વિવિધ બ્રાન્ડની ૨૧૨ બોટલ સહીત મુદ્દામાલ જપ્ત, ઉમરાળા પોલીસ મથકમાં ગુનો દાખલ

ભાવનગર,તા.૧૩

ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના લંગાળા ગામે સ્મશાનની બાજુમાં આવેલા એક બંધ મકાનમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવવામાં આવ્યો હોવાની બાતમી પોલીસને મળી હતી. આ બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખીને ગોવિંદભાઈ દયાળભાઈ પરમારના રેઢા બંધ મકાનમાં ઓચિંતી રેડ કરી હતી. તપાસ દરમિયાન મકાનની ઓસરી પાસે આવેલી ઓરડીમાંથી કાળા રંગની મોટી પ્લાસ્ટિકની થેલીઓ મળી આવી હતી, જેની અંદરથી વિદેશી દારૂની નાની-મોટી બોટલોનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસ તપાસમાં મેક ડોવેલ્સ નંબર વન, રોયલ સ્ટેગ અને રોયલ ચેલેન્જ જેવી પ્રખ્યાત બ્રાન્ડની પંજાબ અને મધ્યપ્રદેશ વેચાણ માટેની સીલપેક બોટલો મળી આવી હતી. પોલીસે એફએસએલ તપાસ અર્થે સેમ્પલ રાખીને કુલ ૨૧૨ બોટલો કિંમત રૂપિયા ૬૯,૫૬૪ નો પ્રોહિબિશન મુદ્દામાલ પંચનામું કરીને કબજે કર્યો હતો. રેડ દરમિયાન મકાન માલિક અથવા અન્ય કોઈ ઈસમ હાજર મળી આવ્યો ન હતો. પોલીસે પંજાબ અને મધ્યપ્રદેશ પાસની વિદેશી દારૂની બોટલો ગેરકાયદેસર રીતે સંગ્રહ કરવા બદલ મકાન માલિક ગોવિંદભાઈ દયાળભાઈ પરમાર (રહે. લંગાળા, તા.ઉમરાળા, જી. ભાવનગર) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ)(ઈ) અને ૧૧૬(બી) મુજબ ગુનો નોંધીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# ભાવનગરની સ્વામી વિવેકાનંદ હોમિયોપેથિક હોસ્પિટલને મળી પ્રતિષ્ઠિત NABH માન્યતા

## ગુણવત્તાસભર અને દર્દીકેન્દ્રિત આરોગ્યસેવાના રાષ્ટ્રીય ધોરણો સર કરી હોસ્પિટલે ઈતિહાસ રચ્યો; સમગ્ર સૌરાષ્ટ્રના આરોગ્ય ક્ષેત્રમાં હર્ષોલ્લાસ



ભાવનગર,તા.૧૩

ભાવનગરની પ્રતિષ્ઠિત સ્વામી વિવેકાનંદ હોમિયોપેથિક મેડિકલ કોલેજ સંલગ્ન સ્વામી વિવેકાનંદ હોમિયોપેથિક હોસ્પિટલને પ્રથમ વખત રાષ્ટ્રીય સ્તરનું 'NABH' (National Accreditation Board fro Hospitals & Healthcare Providers) એક્રેડિટેશન પ્રાપ્ત થયું છે. ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (QCI) હેઠળ કાર્યરત સર્વોચ્ચ સંસ્થા દ્વારા મળેલી આ માન્યતા દર્દીઓની સલામતી, શ્રેષ્ઠ સારવાર, સ્વચ્છતા અને સંક્રમણ નિયંત્રણ પ્રત્યે હોસ્પિટલની લાંબા સમયની કટિબદ્ધતા પર મહોર મારે છે.

NABHના કડક ધોરણો અનુરૂપ હોસ્પિટલમાં દર્દીના પ્રવેશથી લઈને સારવાર, દવાની વ્યવસ્થા, નર્સિંગ કેર અને ડિસ્ચાર્જ સુધીના તમામ પાસાઓનું આકરા મૂલ્યાંકન બાદ આ સન્માન મળ્યું છે. આ સિદ્ધિ પાછળ સંસ્થાના ચીફ ડાયરેક્ટર ડો. એમ.આર. કાનાણી, ડાયરેક્ટર ડો. અપૂર્વ પટેલ, કો-ઓર્ડિનેટર ડો. પ્રીતિ મુનીના માર્ગદર્શન હેઠળ ડો. શિવાની જયસ્વાલ અને સમગ્ર ટીમની "શિસ્ત, સમર્પણ અને સેવાભાવ" સાથેની મહેનત રંગ લાવી છે.

આચાર્ય ડો. ગીરીશ પટેલે આ સફળતાને સમગ્ર હોસ્પિટલ પરિવારની સામૂહિક મહેનત ગણાવી હતી અને ભવિષ્યમાં પણ સ્વામી વિવેકાનંદજીના 'સેવા'ના વિચારો સાથે ઉચ્ચ ધોરણો જાળવી રાખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

વર્ષ ૨૦૦૦થી કાર્યરત આ સંસ્થાને અગાઉ આયુષ મંત્રાલય હેઠળની હોમિયોપેથી રાષ્ટ્રીય આયોગ દ્વારા 'A+' ગ્રેડ તથા રાજ્ય સરકારના KCG વિભાગ દ્વારા સતત ત્રીજા વર્ષે 'થ્રી સ્ટાર' રેન્કિંગ મળેલું છે. હોસ્પિટલમાં OPD, IPD, ગાયનેકોલોજી, પીડિયાટ્રિક્સ, સર્જરી, ફિઝિયોથેરાપી તેમજ ડિજિટલ X-Ray, USG અને લેબોરેટરી જેવી આધુનિક સેવાઓ ઉપલબ્ધ છે. આ માન્યતાથી ભાવનગર અને સૌરાષ્ટ્રના દર્દીઓનો વિશ્વાસ વધુ સુદૃઢ બનશે.


**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**

**લીઝિંગ, પાર્કિંગ, વિવિધ સ્ટેટિકસેવાઓ, કેટરિંગ અને પે એન્ડ યુઝ કરારો માટે ટેન્ડર**

ભાવનગર રેલવે મંડળ ઉપર લીઝિંગ, પાર્કિંગ, વિવિધ સ્ટેટિક સેવાઓ, કેટરિંગ અને પે એન્ડ યુઝ કોન્ટ્રાક્ટ માટે ટેન્ડર મંગાવવા માટેની ટેન્ડર સૂચનાઓ.

| કરારનો પ્રકાર | શ્રેણી |
|---|---|
| **કેટલોગ નંબર:** AUCTION-MIXED-26-02 | |
| SGD (સોનગઢ) અને PBR (પોરબંદર) ખાતે 4-વ્હીલર, VLA (બાવળા) ખાતે 2-વ્હીલર તથા DLJ (ધોળા જંક્શન) ખાતે મિશ્ર વાહનો માટે પાર્કિંગનો કરાર. | પાર્કિંગ |
| વેરાવળ રેલવે સ્ટેશન ખાતે બિલ્ડ, ઓપરેટ એન્ડ ટ્રાન્સફર (BOT) મોડેલ હેઠળ 04 (ચાર) રિટાયરિંગ રૂમ, 02 (બે) ઉચ્ચ શ્રેણીના વેઈટિંગ રૂમ (મહિલા અને પુરુષ), 01 (એક) એસી વેઈટિંગ હોલ તથા પે એન્ડ યુઝ ટોયલેટ કોમ્પ્લેક્સના સંચાલન અને જાળવણી માટેનો કરાર. | પે એન્ડ યુઝ |
| રેલ કોચ રેસ્ટોરન્ટ – BTD (બોટાદ), JND (જૂનાગઢ), VRL (વેરાવળ) અને SRGT (સુરેન્દ્રનગર) EV ચાર્જિંગ સ્ટેશન – BTD (બોટાદ), DCK (ધંધુકા), VLA (બાવળા), SEJ (સરખેજ), GG (ગાંધીગ્રામ) તેમજ વેરાવળ રેલવે સ્ટેશન ખાતે પૂજા સામગ્રી કિયોસ્ક. | વિવિધ સ્ટેટિક સેવાઓ |
| કેટરિંગ સેવાઓની વ્યવસ્થા – હરાજી કેટલોગ મુજબ BVP (ભાવનગર પરા) મંડળના વિવિધ સ્થળોએ ટી અને રિફ્રેશમેન્ટ સ્ટોલ જનરલ માઈનોર યુનિટ (GMU). | કેટરિંગ |
| **કેટલોગ નંબર:** LEASE-2026-06 | |
| BVP (ભાવનગર પરા) મંડળની વિવિધ ટ્રેનોમાં SLR કોચ/કમ્પાર્ટમેન્ટ. | પાર્સલ |

**હરાજી શરૂ થવાનો સમય અને તારીખ:** ૨૭.૦૮.૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે

બિડર/ટેન્ડરરએ **(www.ireps.gov.in/)** સાઈટની મુલાકાત લેવાની રહેશે અથવા વધુ પૂછપરછ માટે વિભાગીય કાર્યાલય ભાવનગર અથવા ટેલિફોન (વાણિજ્યિક નિરીક્ષક -NFR), ભાવનગર વિભાગ - +91-72279 89486 પર સંપર્ક કરી શકાય છે

BVP 103

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


# ગોપનાથ રોડ પર મહાકાળી મંદિર સામે જુગાર રમતા ચાર ગેમ્બલરો ગિરફ્તાર

## તળાજા પોલીસે ૧૧,૨૦૦ની રોકડ સહીત મુદ્દામાલ જપ્ત કર્યો

ભાવનગર,તા.૧૩

ભાવનગર જિલ્લાના તળાજા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ પેટ્રોલિંગ દરમિયાન પોલીસને મળેલી બાતમીના આધારે ગોપનાથ રોડ પર આવેલ મહાકાળી માતાના મંદિર સામે રેડ પાડવામાં આવી હતી. આ દરમિયાન સ્ટ્રીટ લાઈટના અજવાળે ખુલ્લી જગ્યામાં જાહેરમાં ગંજીપત્તાના પાના અને પૈસા વડે તીનપત્તીનો જુગાર રમી રહેલા ચાર ઈસમોને પોલીસે રંગે હાથે ઝડપી પાડ્યા હતા.તળાજા પોલીસ સ્ટેશનના સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમી મળી હતી કે ગોપનાથ રોડ પર મહાકાળી મંદિર સામે કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે.આ બાતમીના આધારે પંચોને સાથે રાખીને પોલીસે રાત્રે કલાક ૦૨/૧૫ વાગ્યે દરોડો પાડ્યો હતો. જ્યાં અરવિંદભાઈ મહેશભાઈ ચૌહાણ, રાજુભાઈ વાલજીભાઈ મકવાણા, પ્રવીણભાઈ જાનાભાઈ વાળા (તમામ રહે. પાવઠી ગામ, તા. તળાજા) અને સાગરભાઈ રમેશભાઈ કવા (રહે. રાધે ક્રિષ્ના સોસાયટી, ગોપનાથ રોડ, તળાજા) ને ઝડપી લીધા હતા. પોલીસે પંચોની રૂબરૂમાં આરોપીઓ પાસેથી ગંજીપત્તાના પાના તથા કુલ રૂપિયા ૧૧,૨૦૦/- નો રોકડ મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ચારેય ઈસમો વિરુદ્ધ જુગારધારાની કલમ ૧૨ મુજબ ગુનો નોંધી તળાજા પોલીસે કલાક ૦૩/૦૦ વાગ્યે ધોરણસર અટકાયત કરી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

અનુ.પાના ૮નું શરૂ...

## મહુવાના વાઘવદરડા ગામે લાઈટ

બાતમી મળી હતી કે વાઘવદરડા ગામે મેલડી માતાના મંદીરના ઓટલા પર કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે.આ બાતમીના આધારે પંચોને સાથે રાખીને પોલીસે રાત્રે કલાક ૦૦/૫૦ વાગ્યે વાઘવદરડા ગામે દરોડો પાડ્યો હતો. જ્યાં જગદીશભાઈ જોધાભાઈ ગોહીલ, અરજણભાઈ રામભાઈ ગોહીલ, લખમણભાઈ બચુભાઈ બારૈયા, રાવતભાઈ બધાભાઇ વાળા, વજુભાઈ એભલભાઈ વાળા, હિંમતભાઈ મુળુભાઈ ગોહીલ, બાલુભાઇ ગીગાભાઈ ગોહીલ, ભુરાભાઇ નકાભાઇ ગોહીલ, અજયભાઇ કિશોરભાઈ જાની, અનિલભાઈ કાળુભાઇ ગોહીલ, જામસંગભાઈ ઓધાભાઈ ગોહીલ, ચીનુભાઈ રામભાઇ ગોહીલ, ભુરાભાઈ બંધુભાઇ ગોહીલ અને નીરૂભાઈ લાખાભાઈ ગોહીલ (તમામ રહે. વાઘવદરડા, તા. મહુવા) ને રંગે હાથે ઝડપી લીધા હતા. પોલીસે પંચોની રૂબરૂમાં આરોપીઓ પાસેથી ગંજીપત્તાના પાના અને કુલ રૂપિયા ૧૬,૧૪૦/- નો રોકડ મુદ્દામાલ કબ્જે કર્યો હતો. તમામ ૧૪ ઈસમો વિરુદ્ધ જુગારધારાની કલમ ૧૨ મુજબ ગુનો નોંધી તેમની ધોરણસર અટકાયત કરવામાં આવી છે અને આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જંગલ છોડી સરકારી તિજોરી કચેરીમાં અજગરનો પ્રવેશ!

અમરેલી:

અમરેલી જિલ્લાના ધારી ગામે આજે ચકચાર મચાવતી ઘટના સામે આવી હતી. ધારીમાં પ્રાંત કલેકટર કચેરી અને મામલતદાર કચેરીની બાજુમાં આવેલી સરકારી પેટા તિજોરી કચેરીમાં અચાનક અજગર ઘૂસી આવતાં કચેરીમાં હાજર લોકોમાં ફફડાટ ફેલાયો હતો.

મળતી માહિતી મુજબ જંગલ વિસ્તાર છોડીને અજગર સરકારી કચેરીના પરિસરમાં આવી પહોંચ્યો હતો. કચેરીમાં અજગર દેખાતા આસપાસના લોકોમાં પણ ભારે કુતૂહલ સાથે ભયનો માહોલ સર્જાયો હતો.


**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**

# પાણીને લગતાં કોઇ પણ પ્રશ્નો કે સમસ્યા માટે પાણી પુરવઠા બોર્ડની ટોલ ફ્રી હેલ્પલાઇન નં.૧૯૧૬ નો સંપર્ક કરશો.#

**જાહેર નિવિદા નં.૦૬/ ૨૦૨૬-૨૦૨૭**
**ટેન્ડર આઇ.ડી નં. ૩૩૩૦૪૫**

કાર્યપાલક ઇજનેરશ્રી, જા.આ.બાંધકામ વિભાગ પાનવાડી પી.ડબ્લયુ.ડી કમ્પાઉન્ડ , પાનવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ ફોન નં.૦૨૭૮-૨૪૨૫૮૪૯ દ્વારા સિહોર જુથ પાણી પુરવઠા યોજનાની વળાવડ હેડવર્ક્સ પર ૯૧૪ mm એમ.એસ.પાઇપલાઇન પાથવરવાનું કામના ટેન્ડરની અંદાજીત રકમ રુા.૯,૧૪,૫૯૭=૮૬ ટેન્ડર આ.ડી નં ૩૩૩૦૪૫ ટેન્ડરમાં દર્શાવેલ શરતો મુજબ માટે ટુબીડ ઇ-ટેન્ડરીંગ પધ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપરાંત વેબ સાઇટ https;//gwssb.nprocure.com તેમજ માહિતી ખાતા વેબ સાઇટ www.statenders.com ઉપર જોઇ ઓનલાઇન ટેન્ડર તા.૧૧/૦૮/૨૦૨૬ થી ઓનલાઇન ભરવાની છેલ્લી તારીખ- ૨૦/૦૮/૨૦૨૬ સમય ૧૮:૦૦ કલાક સુધી તથા ફીઝિકલ સબમિશન તા.૨૧/૦૮/૨૦૨૬ સમય ૧૬:૦૦ કલાક RPAD/SPEED POST/HAND DELIVERY દ્વારા કાર્યપાલક ઇજનેરશ્રી, જા.આ.બાંધકામ વિભાગ પાનવાડી પી.ડબ્લયુ.ડી કમ્પાઉન્ડ , પાનવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ ખાતે સબમિશન કરવાનુ રહેશે.હવે પછીના સુધારા ફકત ઓનલાઇન કરવામાં આવશે.

માહિતી-ભાવ-૫૨૯-૨૬



**ગારિયાધાર નગરપાલિકા - ગારિયાધાર, જીલ્લો : ભાવનગર**

**ટેન્ડર જાહેર નિવિદા (બીજો પ્રયત્ન)**

આથી ગારિયાધાર નગરપાલિકા – ગારિયાધાર, જીલ્લો :- ભાવનગરના નીચે મુજબના વાર્ષિકરેટ કોન્ટ્રાકટથી કામગીરી કરાવવા માટે એજન્સી/વેપારી/કોન્ટ્રાકટરો પાસેથી ઓફલાઇન ભાવો/ટેન્ડરો મંગાવવામાં આવે છે.

| ક્રમ | કામનું નામ | ટેન્ડર ફી | EMD ની રકમ | સમયમર્યાદા |
|---|---|---|---|---|
| ૧ | ગારીયાધાર શહેરમાં રખડતા ઢોરને પકડવાનું કામ. | ૫૦૦/- | ૧૦,૦૦૦/- | ૧૨ માસ |

| | |
|---|---|
| ટેન્ડર નગરપાલિકા કચેરી ખાતેથી મેળવવા ની તારીખ તથા સમય : | તા.૨૧/૦૮/૨૦૨૬ ના ૧૮:૦૦ કલાક સુધીમાં (રજાના દિવસો સિવાય) |
| ટેન્ડર ફી, તથા ઇ.એમ.ડી. પહોંચતા કરવાની તારીખ, સમય તથા સરનામું : | તા.૨૬/૦૮/૨૦૨૬ ના ૧૮:૦૦ કલાક સુધી, ચીફઓફિસરશ્રી, ગારીયાધાર નગરપાલિકા, મુ.ગારીયાધાર જી.ભાવનગર |
| ટેન્ડર ખોલવાની તારીખ | તા.૨૭/૦૮/૨૦૨૬ ના ૧૧:૦૦ કલાકે (જો શક્ય હશે તો) |

ટેન્ડર અંગેની વધારે માહિતી માટે નગરપાલિકા કચેરીમાં રૂબરૂ સંપર્ક કરવાથી મળશે.સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.

જા.નં.૧૦૯૦/૨૦૨૬ તા.૧૧/૦૮/૨૦૨૬

(આશિષ યુ.રાજાઇ) ચીફ ઓફિસર ગારીયાધાર નગરપાલિકા
(ડો.પ્રફુલભાઇ એલ.કાંત્રોડીયા) ઉપ પ્રમુખ ગારીયાધાર નગરપાલિકા
(મીનાબેન એસ.બારૈયા) પ્રમુખ ગારીયાધાર નગરપાલિકા

માહિતી-ભાવ-૫૨૪-૨૬



**શ્રી મલેકવદર ગ્રા.પં, તા.ઘોઘા, જી.ભાવનગર**

**જાહેરનિવિદા**

મલેકવદર ગામે ૧૫ મું નાણાપંચ, ૧૪ મું નાણાપંચ, ધારાસભ્યશ્રી, સાંસદ સભ્યશ્રી, જિલ્લા પંચાયત સદસ્યશ્રી, એ.ટી.વી.ટી., ૧૫% વિવેકાધિન યોજના, ઓક્ટ્રોય ગ્રાંટ, રેતી કંકર ગ્રાન્ટ, સ્વર્ણિમ જયંતી વિવિકાધિન ગ્રાંટ, રાષ્ટ્રીયપર્વ ઉજવણી ગ્રાંટ, સ્વભંડોળ તેમજ, અન્ય ગ્રાંટ માંથી સને ૨૦૨૬/૨૭ના વર્ષમાં કરવાના થતા વિકાસના કમોના નીચેની વિગતે વેપારીઓ પાસેથી વાર્ષિક ભાવપત્રકો મંગાવવામાં આવે છે. આ ભાવ પત્રકો જાહેરાત આવ્યેથી દિવસ-૭(સાત) માં બંધ કવરમાં રજી.એડી. થી મલેકવદરગ્રામ પંચાયત સરપંચશ્રી, તા.ઘોઘા, જી.ભાવનગર ના સરનામે મળે તે રીતે પહોચતા કરવાના રહેશે.

કામના મટરીયલ્સની વિગત

(૧) આર.સી.સી. પાઇપ NP 2, અને NP 3 ના પાઇપ સાઇઝ ૧૫૦ એમ.એમ. થી ૧૨૦૦ એમ.એમ. ના એક મીટરનો ભાવ તથા એક મેનોલનો ભાવ(૨) પેવર બ્લોક સાદા તથા રબ્બર મોડ ૪૦ એમ.એમ. થી ૧૫૦ એમ.એમ. સુધી એક બ્રાસનો ભાવ(૩) બાકડા (પ્રિ-કાષ્ટ)ના એક નંગનો ભાવ (૪) સી.સી. અને આર.સી.સી. કામ માટે વિવિધ સાઇઝની કપચી,રેતી,ગ્રીટઅને મેટલના એક બ્રાસનો/ટનનો ભાવ (૫) મેટલ (હેન્ડ બ્રોકન સ્ટોન – ૨૫ એમ.એમ. થી ૯૦ એમ.એમ. સુધી/સોફ્ટ મોરમ) નો એક ટનનો ભાવ (૬) પી.વી.સી. અને જી.આઇ.સી. પાઇપ લાઇન ૬ કે.જી. ૬૩ એમ.એમ. થી ૧૫૦ એમ.એમ., આઇ.એસ.આઇ.બ્રાન્ડ ની એક મીટરનો ભાવ (૭) સીમેન્ટ આઇ.એસ.આઇ. ઓ.પી.સી. બ્રાન્ડ થેલી એક નંગનો ભાવ તથા લોખંડ(સ્ટીલ) વિવિધ સાઇઝ એક કિલોનો ભાવ (૮) જે.સી.બી. તથા હીટાચી મશીન દ્વારા કરવાના થતાં કામોનો એક કલાકનો ભાવ (૯) ઇટ એક નંગનો સાઇટ ઉપર પહોચતા સાથેનો ભાવ (૧૦) બોર (૪',૬',૮') કેબલ સ્ટાર્ટર વિગેરેના એક મીટરનો ભાવ (૧૧) સબ મર્શીબલ પંપ મોટર ૧ એચ.પી. થી ૨૦ એચ.પી. સુધીનો ભાવ(૧૨) વિવિધ કામના લેબર ભાવ, માપ સાઇઝ પ્રમાણે (૧૩) ફર્નિચરને લગત માલસામાનનો ભાવ (૧૪)પંચાયત હદ વિસ્તારમાં ગટર કુંડી ચેમ્બર શૌચાલય શોષ ખાડો સફાઈ કરવા ના ભાવો(૧૫) જંતુનાશક દવાઓ ચૂનો પાવડર/ ખરીદી તથા છંટકાવ ના ભાવો દૈનિક મજૂરો ના ભાવો(૧૬) નાની મોટી ટ્રક તથા ટ્રેકટર દ્વારા માટી વહન કરવાના એક ફેરા નો ભાવો( જે.સી.બીથી ભરાય કરવા સાથે તથા ભરાય વગર)(૧૭)R.C.C રસ્તા બનાવવા માટે મજુરીના ભાવો (સ્કવેર મીટર)તથા માલસામાન સાથે ના ભાવો(૧૮)કમ્પ્લીટ નવી સ્ટ્રીટલાટ/ સી .એફ. એલ/ એલ.ઈ.ડી /તથા લાઈટના માલસામાન અંગેના ભાવો( સી એફ એલ/ એલ ઈ ડી કમ્પ્લીટ નવી સ્ટ્રીટ લાઈના આઈ.એસ.આઇ.માર્ક કંપની તથા વોલ્ટ સાથેના ભાવો)(૧૯) સ્ટ્રીટ લાઇટ /સી.એફ.એલ./એલ.ઇ.ડી. લાઇટ રીપેરીંગ તથા નવી નાખવાના કામે ભાવ (૨૦) સ્ટ્રીટ લાઇટ /સી.એફ.એલ./એલ.ઇ.ડી. લાઇટના દીવાલ તથા સીમેન્ટ તથા લોખંડના થાંભલા પરના લોખંડના ક્લેમ્પ બનાવવા અંગેના ભાવ (૨૧) સ્ટ્રીટ લાઇટનો સર્વીસ વાયર ૪ MM (૧ મીટર ) નો ભાવ તથા દરેક પ્રકારની MCB (૧ નંગ ) નો ભાવ

ટેન્ડરનીશરતો:-

(૧) આઇટમના ભાવ તમામ પ્રકારના ખર્ચ, ટેક્ષ, વેટ, જી.એસ.ટી. સાથેનું પાકું બીલ, લોડીંગ તથા અનલોડીંગ અને જરૂરીયાત મુજબનું ટેસ્ટીંગ કરાવી કામની સાઇટ ઉપર પહોચતા આપવાના રહેશે. (૨) ભાવ પત્રક જાહેરાતની તારીખ થી સાતમાં દિવસે જાહેર રજાના દિવસ સિવાયના દિવસેબપોરના૧૨:૦૦ કલાકે ગ્રામ પંચાયત કચેરીમાં ખોલવામાં આવશે. (૩) સમય મર્યાદામાં ન આવેલા ભાવ પત્રકો ધ્યાને લેવામાં આવશે નહીં. (૪) ભાવ મંજુર, નામંજુર કરવાના હક્કો ગ્રામ પંચાયતમાલપરાને રહેશે. અને વધારાની શરતો વહીવટદારશ્રી દ્વારા રૂબરૂમાં વાંચી સંભળાવવામાં આવશે. (૫) ઉપરોક્ત કામો વર્ષ ૨૦૨૬/૨૭ના સંભવિત કામો છે.

સરપંચશ્રી મલેકવદર ગ્રામ પંચાયત
તલાટી કમમંત્રીશ્રી મલેકવદરગ્રામ પંચાયત

માહિતી-ભાવ-૫૨૭-૨૬

DR. LATHIYA'S SKIN CLINIC
Dr. Sandip Lathiya
MD, Skin & VD
Dermatologist, Cosmetologist & Dermatosurgeon
ગ્રાઉન્ડ ફ્લોર, કાર્લટન સ્કેવર, માધવદિપ કોમ્પલેક્ષની પાસે, કાળાનાળા, ભાવનગર ગુજરાત-૩૬૪૦૦૧
ઉપલબ્ધ સારવારો
- ખીલ અને ખીલના ડાઘ
- એલર્જી અને ખંજવાળ
- સફેદ ડાઘ (vitiligo)
- સોરાયસિસ અને એક્ઝિમા
- વાળ ખરવા અને ટાલ પડવી
- ફંગલ ઈન્ફેક્શન
- નખના રોગો
- બાળકો અને મહિલાઓના ચામડીના રોગો

વિશેષ સારવારો
- Laser Hair Removal
- Chemical Peel
- PRP Hair Treatment
- CO2 Laser Treatment

M. 79841 66946

LEELA NEWS NETWORK P. LTD
ભાવનગર આવૃત્તિ 8 તા. ૧૩-૦૮-૨૦૨૬, ગુરૂવાર
# સૌરાષ્ટ્ર આસપાસ
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર
બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન: (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫

BLOSSOM WOMEN'S HOSPITAL & MATERNITY HOME
ડૉ. પૂજા ઘોરી લાઠીયા
એમ. એસ. સ્ત્રી રોગ તથા પ્રસુતિ નિષ્ણાત
Dr. Pooja Ghori Lathiya
MS Obstetrics and Gynecology
લેપ્રોસ્કોપિક સર્જન
ઉપલબ્ધ સુવિધાઓ:
- નોર્મલ તથા સિઝેરિયન ડિલિવરી
- સોનોગ્રાફી
- બાળક રહેવામાં તકલીફ
- ગર્ભાશય તથા ગાંઠના ઓપરેશન
- નળીમાં બાળક રહ્યું હોય તે દૂર કરવાની સુવિધા
- જોખમી ડિલિવરી
- ગર્ભાશયના કેન્સરનું રસીકરણ

+91 79843 10939
સરનામું : શોપ નં. ૨૦૪-૨૦૫, બીજો માળ, ઓરનેટ કોમ્પ્લેક્સ, રસોઈ હોટેલ ની નજીક, કાળુભા રોડ, ભાવનગર - ૩૬૪૦૦૧

# ભાવેણામાં તિરંગા યાત્રા : જાહેર માર્ગો પર અદભુત સજાવટથી દેશભક્તિનો જબ્બર માહોલ



તસવીર : ધવલ વાજા

સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી પૂર્વે રાષ્ટ્રીય એકતા અને દેશભક્તિની ભાવનાને ઉજાગર કરવા આજે બપોરે ભાવનગર શહેરમાં એક ભવ્ય 'તિરંગા યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. યાત્રા શરૂ થાય તે પૂર્વે જ સમગ્ર રૂટ પર કરાયેલી નયનરમ્ય સજાવટે નગરજનોમાં ભારે આકર્ષણ જમાવ્યું છે. હાથમાં રાષ્ટ્રધ્વજ અને હૈયામાં દેશપ્રેમ સાથે હજારોની સંખ્યામાં નાગરિકો આ યાત્રામાં જોડાશે. આ પ્રસંગે વિવિધ રાજકીય-સામાજિક આગેવાનો અને ઉચ્ચ અધિકારીઓની વિશેષ ઉપસ્થિતિ રહેશે, જે કાર્યક્રમની શોભા વધારશે.આ ભવ્ય તિરંગા યાત્રા એ.વી. સ્કૂલના ગ્રાઉન્ડથી પ્રારંભ થઈ નવાપરા, ભીડભંજન મહાદેવ, ઘોઘાગેટ, એમ.જી. રોડ, ખારગેટ, મામાકોઠા રોડ અને બાર્ટન લાઈબ્રેરી થઈ શહીદ સ્મારક ખાતે શ્રદ્ધાસુમન અર્પણ કર્યા બાદ પુનઃ એ.વી. સ્કૂલ ગ્રાઉન્ડમાં આવી સંપન્ન થશે. યાત્રાના સમગ્ર માર્ગો દેશભક્તિના પ્રતીકોથી ઝળહળી ઉઠ્યા છે.

## શિવભક્તિના રંગે રંગાયું ગોહિલવાડ: પવિત્ર શ્રાવણ માસનો શ્રદ્ધાભેર પ્રારંભ

**શિવાલયો ઝળહળ્યા; જળાભિષેક, લઘુરુદ્ર અને હિંડોળા ઉત્સવ સાથે ભક્તિ, ભજન અને ભોજનનો ત્રિવેણી સંગમ: ખારગેટ જગદીશ મંદિરમાં ચિરોડી ચિત્ર અને હિંડોળાનું વિશિષ્ટ આકર્ષણ**


તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૧૩

સકળ સૃષ્ટિમાં જીવને શિવ સાથે એકાકાર કરતા પવિત્ર શ્રાવણ માસનો આજથી પ્રારંભ થતાં જ સમગ્ર ગોહિલવાડ શિવમય બન્યું છે. ભાવનગર શહેર અને જિલ્લાના તમામ પ્રાચીન તથા અર્વાચીન શિવાલયોમાં વહેલી સવારથી જ શિવભક્તોની ભારે ભીડ ઉમટી પડી છે. ફક્ત એક લોટા જળ અને બીલીપત્રથી પ્રસન્ન થતા દેવાધિદેવ મહાદેવની આરાધના માટે ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

શહેરના પૌરાણિક તખ્તેશ્વર, જશોનાથ, ભીડભંજન, કાશી વિશ્વનાથ અને ભગવાનેશ્વર મહાદેવ સહિત ૧૫૦થી વધુ મંદિરો તેમજ જિલ્લાના નિષ્કલંક, માળનાથ, પડઘલીયા અને ગોપનાથ જેવા ધામોમાં ધાર્મિક આયોજનોનો દોર શરૂ થયો છે. શિવાલયોને આકર્ષક રોશની અને શણગારથી સજાવવામાં આવ્યા છે. માસ દરમિયાન જળાભિષેક, દુગ્ધાભિષેક, ચાર પ્રહરની મહાઆરતી, હોમાત્મક લઘુરુદ્ર, રુદ્રાભિષેક, પાલખીયાત્રા અને સંતવાણી સહિતના વિવિધ કાર્યક્રમો યોજાશે.

બીજી તરફ, શહેરના ખારગેટ સ્થિત પૌરાણિક શ્રી જગદીશ મંદિરમાં સ્થાપનાકાળની પરંપરા મુજબ આવતીકાલ ગુરુવારથી જન્માષ્ટમી સુધી દરરોજ સાંજે મનોરમ્ય હિંડોળા દર્શન અને ચિરોડી ચિત્ર દર્શનનું ખાસ આયોજન કરાયું છે, જે ભાવિકો માટે મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બનશે. સમગ્ર માસ દરમિયાન ગોહિલવાડમાં શિવધૂન, ભજન અને મહાપ્રસાદ સાથે આસ્થાનો અદ્ભુત માહોલ છવાયેલો રહેશે.

## ફરીથી ભાવનગર નવી મુંબઈ વચ્ચે દૈનિક બે ફ્લાઈટ નિયત સમયે ઉડાન ભરશે

**ઈન્ડિગો દ્વારા સવાર અને સાંજનું સમયપત્રક જાહેર; ૧ ઓક્ટોબરથી થશે અમલી**

ભાવનગર,તા.૧૩

ભાવનગર અને મુંબઈ વચ્ચે મુસાફરી કરતા નાગરિકો માટે ઈન્ડિગો એરલાઈન્સ દ્વારા એક મહત્વપૂર્ણ અપડેટ જાહેર કરવામાં આવ્યું છે. આગામી ૧ ઓક્ટોબર ૨૦૨૬થી નવી મુંબઈ અને ભાવનગર વચ્ચે દૈનિક બે ફ્લાઈટ નિયમિત રૂપે અને નિયત સમયે ફરીથી ઓપરેટ કરવામાં આવશે, જેથી યાત્રિકોને પ્રવાસનું આગોતરું આયોજન કરવામાં ઘણી જ અનુકૂળતા રહેશે.



ઈન્ડિગો દ્વારા જાહેર કરાયેલા સવાર અને સાંજના શિડ્યુલ મુજબ, સવારની ફ્લાઈટ નવી મુંબઈથી સવારે ૦૭:૦૦ વાગ્યે ઉપડીને સવારે ૦૮:૦૫ વાગ્યે ભાવનગર પહોંચશે અને ભાવનગરથી સવારે ૦૮:૨૫ વાગ્યે ઉપડીને સવારે ૦૯:૩૫ વાગ્યે નવી મુંબઈ પહોંચશે. જ્યારે સાંજની ફ્લાઈટ નવી મુંબઈથી સાંજે ૧૯:૫૫ (૦૭:૫૫) વાગ્યે ઉપડીને રાત્રે ૨૧:૦૫ (૦૯:૦૫) વાગ્યે ભાવનગર પહોંચશે અને ભાવનગરથી રાત્રે ૨૧:૨૫ (૦૯:૨૫) વાગ્યે ઉપડીને રાત્રે ૨૨:૩૦ (૧૦:૩૦) વાગ્યે નવી મુંબઈ પહોંચશે.આ દૈનિક વિમાન સેવા પુનઃ શરૂ થવાથી ભાવનગર અને મુંબઈ વચ્ચે વેપાર-રોજગાર, તબીબી સારવાર તથા સામાન્ય મુસાફરી અર્થે જતા નાગરિકોનો સમય બચશે અને બંને શહેરો વચ્ચેની કનેક્ટિવિટી વધુ મજબૂત બનશે. અત્રે નોંધનીય છે કે આ શિડ્યુલ નિયામક સત્તામંડળની આખરી મંજૂરીઓને આધીન રહેશે.

## હાથબમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા બે શખ્સો ઝડપાયા

ભાવનગર,તા.૧૩

ઘોઘા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન પોલીસને મળેલી બાતમીના આધારે હાથબ ગામે પરબના ગોળા પાસે રેડ પાડવામાં આવી હતી. આ દરમિયાન સ્ટ્રીટ લાઈટના અજવાળે જાહેરમાં ગંજીપત્તાના પાના અને પૈસા વડે તીનપત્તીનો જુગાર રમી રહેલા બે ઈસમોને પોલીસે ઝડપી પાડ્યા હતા.ઘોઘા પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે હાથબ ગામે બસસ્ટેન્ડ પાસે બાતમી મળી હતી કે પરબના ગોળા પાસે કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે.આ બાતમીના આધારે પંચોને સાથે રાખીને પોલીસે રાત્રે કલાક ૦૨/૦૦ વાગ્યે દરોડો પાડ્યો હતો. જ્યાં મનિષભાઈ ઉર્ફે લાલો ભલાભાઈ ગોહીલ (રહે. હાથબ) અને ગોવિંદભાઈ ભીમાભાઈ સોલંકી (રહે. અકવાડા, ભાવનગર) ને રંગે હાથે ઝડપી લીધા હતા. પોલીસે પંચોની રૂબરૂમાં આરોપીઓ પાસેથી ગંજીપત્તાના પાના તથા કુલ રૂપિયા ૧૧,૧૪૦/- નો રોકડ મુદ્દામાલ કબ્જે કર્યો હતો. બંને ઈસમો વિરુદ્ધ જુગારધારાની કલમ ૧૨ મુજબ ગુનો નોંધી ધોરણસર અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## મહુવાના વાઘવદરડા ગામે લાઈટના અજવાળે જુગાર રમતા ૧૪ ઝડપાયા

**બગદાણા પોલીસનો મોડી રાત્રીના દરોડો, ૧૬,૧૪૦ની રોકડ સહીત મુદામાલ જપ્ત**

ભાવનગર,તા.૧૩

બગદાણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન પોલીસને મળેલી બાતમીના આધારે મહુવા તાલુકાના વાઘવદરડા ગામે મેલડી માતાના મંદિરના ઓટલા પર રેડ પાડવામાં આવી હતી. આ દરમિયાન જાહેરમાં ટ્યુબલાઈટના અંજવાળે ગંજીપત્તાના પાના અને પૈસા વડે તીનપત્તીનો હારજીતનો જુગાર રમી રહેલા ૧૪ ઈસમોને પોલીસે ઝડપી પાડ્યા હતા.

બગદાણા પોલીસ સ્ટેશનના અનામત પોલીસ કોન્સ્ટેબલ ધનસુખભાઈ ગોરધનભાઈ ધાનકવાડીયાના જણાવ્યા અનુસાર, ગત તા. ૧૨/૦૬/૨૦૨૬ ની રાત્રે સ્ટાફ સાથે ખાનગી વાહનમાં પેટ્રોલીગમાં હતા. તે દરમિયાન કલાક ૦૦/૩૦ વાગ્યે ખારી ગામના બસ સ્ટેન્ડ પાસે પહોંચતા (જુઓ પાનું ૬) >>

**ભાવનગરના ગૌતમેશ્વરનગર અને વિશ્વકર્મા સોસાયટી સહિત અલગ-અલગ વિસ્તારોમાં ૫ મકાનોના તાળા તોડ્યા હતા**

## તરખાટ મચાવનાર ચડ્ડી-બનિયાનધારી ગેંગ ઝડપાઈ: ચોરાઉ દાગીના વેંચતા રાખનાર સોની વેપારી રડારમાં

**ચોરીનું બાઈક, રોકડ અને તોડફોડના હથિયારો કબ્જે; ચોરાઉ દાગીના ખરીદનાર મુખ્ય બજારના સોનીની ઓળખ મેળવવા તપાસ તેજ**

ભાવનગર,તા.૧૩

ભાવનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં બંધ મકાનોના તાળા તોડી ચોરી કરતી રીઢા ગુનેગારોની ગેંગનો લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે પર્દાફાશ કર્યો છે. અક્ષર પાર્કથી ૧૦ નાળા તરફ જવાના રસ્તા પરથી બે શંકાસ્પદ તસ્કરોને ચોરીના મોટરસાઈકલ અને રોકડ રકમ સાથે દબોચી લેવામાં આવ્યા છે. આરોપીઓની સઘન પૂછપરછમાં ભાવનગર શહેરમાં આચરેલી મકાન તોડની ૫ ઘટનાઓનો ભેદ ઉકેલાયો છે.

એલસીબી પોલીસ સ્ટાફે બાતમીના આધારે કુંભારવાડા ખાતે બુટ ભવાની માતાના મંદિર નજીકથી હોન્ડા શાઈન મોટરસાઈકલ (GJ-04-FC-1395) સાથે ઉભેલા બે શખ્સોને અટકાયતમાં લીધા હતા. કડક પૂછપરછ દરમિયાન આરોપીઓએ કબૂલાત કરી હતી કે આઠ દિવસ પહેલાં તેમણે ઘોઘા સર્કલ પાસેથી બાઈક ચોરી કર્યું હતું. ત્યારબાદ પોતાના અન્ય એક સાગરીત સાથે મળીને ભાવનગરના ગૌતમેશ્વરનગર અને વિશ્વકર્મા સોસાયટી સહિત અલગ-અલગ વિસ્તારોમાં ૫ મકાનોના તાળા તોડ્યા હતા.

તસ્કરોએ મકાનમાંથી રોકડા ૪૫,૦૦૦ તથા સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી હતી. આ ચોરાઉ સોના-ચાંદીના ઘરેણાં ભાવનગર મુખ્ય બજારમાં આવેલા એક સોની વેપારીને વેચી દીધા હોવાની ચોંકાવનારી કબૂલાત કરી છે. જેથી ચોરાઉ માલ ખરીદનાર સોની વેપારી પણ આ ગુનામાં ભીંજમાં આવ્યો છે અને પોલીસ તેને ઝડપી પાડવા તપાસ ચલાવી રહી છે.પોલીસે ઘોઘારોડ અને બોરતળાવ પોલીસ સ્ટેશનના ગુનાઓમાં સંડોવાયેલા શ્યામસિંગ ઉર્ફે શામુ દર્શનસિંગ આન્દ્રેલે (રહે. કુંભારવાડા, મૂળ બરવાળા) અને લાખનસિંગ ક્રિપાલસિંગ જુણી (મૂળ વડનગર, મહેસાણા)ની ધરપકડ કરી છે, જ્યારે સન્નીસિંગ તુફાનસિંગ જુણી (રહે. ખેરાલુ)ને પકડવા તજવીજ હાથ ધરી છે. આરોપીઓ પાસેથી રોકડા ૩૦,૯૯૦, ૫૦,૦૦૦ની કિંમતનું બાઈક, ૨ મોબાઈલ તથા તાળા તોડવાના હથિયારો (ગણેશીયો, પેચીયું, ચકરી પાનું) મળી કુલ ૧,૦૧,૨૯૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## તળાજા જકાતનાકા પાસેથી ચોરાયેલા બાઈક સાથે એક શખ્સ ઝડપાયો

ભાવનગર,તા.૧૩

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ચોરીના વાહનો શોધી કાઢવાની ઝુંબેશ અંતર્ગત ગુરુદ્વારા સામેના મેદાનમાંથી એક શંકાસ્પદ યુવકને ચોરાયેલા બાઈક સાથે ઝડપી લીધો છે.પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી સિદસરના ૨૫ વારીયા વિસ્તારમાં રહેતા રાહુલ ઉર્ફે અગુ ભરતભાઈ મકવાણા (ઉં.વ.૨૧)ને અટકાયતમાં લેવાયો હતો. તેની પાસે રહેલા કાળા કલરના હીરો સ્પ્લેન્ડર GJ-04-DL-3142ના આધાર-પુરાવા માંગતા તે રજૂ કરી શક્યો નહોતો. કડક પૂછપરછમાં તેણે આ મોટરસાઈકલ તળાજા જકાતનાકા પાસે આવેલા ખોડીયાર મંડપ કોમ્પલેક્ષના પાર્કિંગમાંથી ચોરી કર્યાની કબૂલાત કરી હતી. પોલીસે ૫૦,૦૦૦નું બાઈક કબ્જે કરી આરોપી સામે આગળની કાર્યવાહી માટે નીલમબાગ પોલીસ સ્ટેશનને સોંપી આપ્યો છે.

## ઘોઘા રો-રો ફેરી ગ્રાઉન્ડ ખાતે સ્વાતંત્ર્ય દિવસની જિલ્લા કક્ષાની ઉજવણીનું રિહર્સલ યોજાયું




**કલેક્ટર ડો. મનીષ કુમાર બંસલે કર્યું નિરીક્ષણ; મંત્રી કુંવરજીભાઈ બાવળિયાની ઉપસ્થિતિમાં ઉજવાશે ભવ્ય રાષ્ટ્રીય પર્વ**



ભાવનગર,તા.૧૩

ભાવનગર જિલ્લામાં ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી આગામી ૧૫મી ઓગસ્ટના રોજ ઘોઘા રો-રો ફેરી ગ્રાઉન્ડ ખાતે મંત્રી કુંવરજીભાઈ બાવળિયાની સન્માનનીય ઉપસ્થિતિમાં યોજાનાર છે. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી સુચારૂ, શિસ્તબદ્ધ અને ભવ્ય રીતે સંપન્ન થાય તે માટે જિલ્લા કલેક્ટર ડો. મનીષ કુમાર બંસલની ઉપસ્થિતિમાં સમગ્ર કાર્યક્રમનું રિહર્સલ હાથ ધરવામાં આવ્યું હતું.

જિલ્લા કલેક્ટરે રિહર્સલ દરમિયાન કાર્યક્રમના તમામ તબક્કાઓનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જેમાં મહાનુભાવોના આગમનથી લઈ ધ્વજવંદન, પોલીસ પ્લાટુન દ્વારા સલામી, રાષ્ટ્રગાન, પરેડ નિરીક્ષણ, ઉદ્બોધન તેમજ મનોરમ્ય સાંસ્કૃતિક કાર્યક્રમો સહિતની તમામ વ્યવસ્થાઓની ચકાસણી કરવામાં આવી હતી.આ ઉપરાંત, ઉજવણી દરમિયાન મહાનુભાવો, અધિકારીઓ, કર્મચારીઓ તથા નાગરિકોને કોઈ અગવડ ન પડે અને સમગ્ર કાર્યક્રમ સમયબદ્ધ રીતે યોજાય તે માટેની વ્યવસ્થાઓની પણ કલેક્ટરે સમીક્ષા કરી હતી. આ પ્રસંગે વિવિધ વિભાગોના સંબંધિત અમલીકરણ અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.